**DEPARTMENTAL EXAM**

# Paper 1, SERVICE MATTER

**Total Marks : 100**

| | |
|---|---|
| ૧ | દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લામાં નોકરી કરતા સરકારી કર્મચારીઓને વળતર તરીકે વિશેષ ભથ્થું આપવાની જોગવાઈ છે?<br>(A) અમરેલી જિલ્લો (B) કચ્છ જિલ્લો<br>(C) ડાંગ જિલ્લો (D) જામનગર જિલ્લો |
| ૨ | ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨ અંતર્ગત નિયમ–૨૫ હેઠળ કઈ બાબતે સ્થાનિક વળતર ભથ્થાં/ઘરભાડા ભથ્થાના નિયમની જોગવાઈ થયેલ છે?<br>(A) હંગામી બદલી દરમિયાન (B) રજા દરમિયાન<br>(C) ફરજ મોકૂફી દરમિયાન (D) વિદેશમાં પ્રતિનિયુકિત દરમિયાન |
| ૩ | બીન પેન્શનપાત્ર નોકરી ખાસ હુકમથી પેન્શનપાત્ર ગણવાની જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના કયા નિયમમાં કરવામાં આવી છે ?<br>(A) નિયમ–૩૨ (B) નિયમ–૩૪<br>(C) નિયમ–૩૬ (D) નિયમ–૩૮ |
| ૪ | આપેલ યાદીમાંથી કઈ સેવા પેન્શનપાત્ર ગણાય છે ?<br>(A) જાહેર સેવામાં પૂર્ણકાલીન સેવા માટે રખાયેલ ન હોય તેવી સેવા<br>(B) ગ્રાન્ટ ઈન એઈડ હેઠળ ચાલતી બીન સરકારી માધ્યમિક શાળાની સેવા<br>(C) તબીબી ખાતાની બધી જ મુદતી જગ્યાઓ ઉપરની સેવા<br>(D) જેમને માનદવેતન તરીકે વળતર અપાતુ હોય તેવા કર્મચારીઓની સેવા |
| ૫ | પેન્શનરને મુસાફરી કરવાની જરૂરિયાત સમયે મુસાફરી ભથ્થાં માટે કયો પગાર ધ્યાનમાં રાખવો જોઈએ ?<br>(A) નિવૃતિ અગાઉના દસ માસના પગારની સરેરાશ કાઢીને નકકી થતા પગારના આધારે<br>(B) જે પેન્શન મેળવતા હોય તે પેન્શનના આધારે<br>(C) નિવૃતિ પહેલાં તરત ફરજ પરનો છેલ્લો પગાર મેળવ્યો હોય તે પગારના આધારે<br>(D) નોકરી દરમિયાન છેલ્લા પ્રવાસ દરમિયાન મેળવેલ મુસાફરી ભથ્થાંને ધ્યાનમાં રાખીને |
| ૬ | ખોટાં મુસાફરી ભથ્થા બીલની આકારણી માટે શિક્ષા કરવા કેવી જોગવાઈ કરવામાં આવી છે ?<br>(A) સામાન્યતઃ નોકરીમાંથી દૂર કરવાની શિક્ષા કરવી જોઈએ.<br>(B) લીધેલ ભાડા ભથ્થાંને દંડ સહિત પરત ભરવાની શિક્ષા કરવી જોઈએ.<br>(C) એવા કર્મચારીને તાકીદ આપી ફરીથી આમ ન કરવા જણાવવું જોઈએ.<br>(D) નિયંત્રણ અધિકારીને જે પ્રકારની સજા કરવી જરૂરી લાગે તે કરી શકે. |

| | |
|---|---|
| ૭ | ખાતાકીય અથવા ભાષાની પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે કરેલા પ્રવાસનું ભથ્થું તેમજ દૈનિક ભથ્થું આપવામાં કઈ શરતનો સમાવેશ થતો નથી ?<br>(A) નિયમ હેઠળ ચોકકસ પરીક્ષા માટેનું મુસાફરી ભથ્થું બે વખત કરતાં વધુ વખત આકારવું નહીં<br>(B) પરીક્ષા રદ થઈ હોય પણ કર્મચારીને તેની જાણ ન થઈ હોય તો પરીક્ષા સ્થળે જવા આવવાનું મુસાફરી ભથ્થું મળી શકે.<br>(C) જો કર્મચારી કાયમી મુસાફરી ભથ્થું મેળવતા હોય તો જેટલા દિવસનું દૈનિક ભથ્થું મેળવે તેટલા દિવસના પ્રમાણમાં મળતા ભથ્થામાં ઘટાડો કરવો પડે.<br>(D) કર્મચારી જે તે રાજયની માન્ય ભાષામાં જાહેર પરીક્ષાઓમાં પાસ થયા હોય અને યોગ્યતા ચકાસવા ફરીથી ઉપસ્થિત થાય તો મળી શકે. |
| ૮ | કોઈ કર્મચારીને લાંબાગાળાની તાલીમ માટે મોકલવામાં આવ્યા હોય અને તાલીમના સ્થળે રહેવા જમવાની સગવડ આપવામાં આવી ન હોય ત્યારે કેટલા દિવસ પછી દૈનિક ભથ્થું મળી શકે નહીં.<br>(A) ૪૫ દિવસ પછી (B) ૬૦ દિવસ પછી<br>(C) ૧૨૦ દિવસ પછી (D) ૧૮૦ દિવસ પછી |
| ૯ | સરકારી નોકરી માટે ઉમેદવારોની શારીરિક યોગ્યતાની તપાસણી અંગેના નિયમો<br>(A) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨<br>(B) ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨<br>(C) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨<br>(D) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ |
| ૧૦ | ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ અંતર્ગત તબીબી મંડળની રચના અંગે જોગવાઈ કયા નિયમમાં થયેલી છે ?<br>(A) નિયમ–૩૭ (૧) (B) નિયમ–૩૯ (૧) (ક)<br>(C) નિયમ–૪૧ (૧) (D) નિયમ–૩૨ (૧) |
| ૧૧ | '' કાયમી મુસાફરી ભથ્થું '' એ બાબતમાં કયું વિધાન સાચું નથી.<br>(A) ફરજના કારણે વ્યાપક પ્રવાસ કરવાની જરૂરિયાતવાળા કર્મચારીને આપવામાં આવે છે.<br>(B) કાયમી મુસાફરી ભથ્થું કોઈપણ સ્થળના પ્રવાસ માટે આપવામાં આવે છે.<br>(C) ફરજની ક્ષેત્રમાં અંદરના પ્રવાસ માટે અન્ય પ્રવાસ ભથ્થાંની અવેજમાં આપવામાં આવે છે.<br>(D) કર્મચારી મુખ્યમથકે ગેરહાજર હોય કે ન હોય તો પણ આખા વર્ષ દરમિયાન આપવામાં આવે છે. |
| ૧૨ | '' પ્રાસંગિક રજાને અન્ય પ્રકારની મળવાપાત્ર રજાઓ સાથે સંયોજિત કરી શકાય નહીં. '' આ જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના કયા નિયમ હેઠળ કરવામાં આવી છે.<br>(A) નિયમ–૧૬ (B) નિયમ–૧૮<br>(C) નિયમ–૧૫ (D) નિયમ–૧૭ |
| ૧૩ | ફરજ પરથી ગેરહાજર રહેવાની પરવાનગી એટલે શું ?<br>(A) રજા (B) ફરજ મોકૂફી<br>(C) બરતરફી (D) જાહેર રજા |

| | |
|---|---|
| ૧૪ | ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ની જોગવાઈ મુજબ સળંગ રજાની મહત્તમ મુદત કેટલી રાખવામાં આવી છે ?<br>(A) ત્રણ માસ (B) એક વર્ષ<br>(C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ |
| ૧૫ | '' કુટુંબ '' ની પરિભાષામાં માતા–પિતા બહેન, સગીરભાઈઓ જેઓ સરકારી કર્મચારી સાથે રહેતા હોય તે પૂર્ણતઃ આશ્રિત ક્યારે ગણાય ?<br>(A) જે સભ્યની માસિક આવક રૂા.૫૦૦ થી ઓછી થતી હોય તે<br>(B) જે સભ્યની માસિક આવક રૂા.૧૦૦૦ થી ઓછી થતી હોય તે<br>(C) જે સભ્યની માસિક આવક રૂા.૧૫૦૦ થી ઓછી થતી હોય તે<br>(D) જે સભ્યની માસિક આવક રૂા.૨૦૦૦ થી ઓછી થતી હોય તે |
| ૧૬ | ભારતીય જીવન વીમા નિગમની વિનંતીથી સરકારી કર્મચારીના રેકૉર્ડમાંથી કઈ માહિતી ખાતાના વડા સ્વવિવેકાધિકારે પૂરી પાડી શકાશે?<br>(A) કર્મચારીની જન્મ તારીખ (B) કર્મચારીનું તથા પિતાનું નામ<br>(C) કર્મચારીનું નિવાસ અને ઓળખનાં ચિહનો (D) ઉપરની તમામ |
| ૧૭ | સરકારી કર્મચારી પોતાને સોંપાયેલ કામમાં જાણી બૂઝીને વિલંબ કરે છે, તો તેનામાં શાની ખામી છે તેમ કહી શકાય ?<br>(A) પ્રામાણિકતાનો ભાવ (B) ત્વરા અને વિવેક<br>(C) ફરજ પ્રત્યે નિષ્ઠાનો ભાવ (D) ઉપર પૈકી એક પણ નહીં. |
| ૧૮ | મહિલાઓની ' જાતિય સતામણી ' માં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?<br>(A) શારીરિક સ્પર્શ (B) અશ્લીલ સાહિત્ય બતાવવું<br>(C) મૌખિક કે ઈશારાથી કરેલું અણછાજતું વર્તન (D) ઉપરોકત તમામ |
| ૧૯ | વર્ગ–૩ની સેવા આપવા અથવા વર્ગ–૩ની જગાના સબંધમાં પ્રોબેશનની મુદત કેટલી રાખી શકાય ?<br>(A) ૫ વર્ષ (B) ૩ વર્ષ<br>(C) ૨ વર્ષ (D) ૧ વર્ષ |
| ૨૦ | કમ્પ્યૂટરના જ્ઞાનની લાયકી પરીક્ષા પાસ કરવામાંથી કોને મુક્તિ આપવામાં આવી છે ?<br>(A) ૫૫ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય તેવા કર્મચારીઓને<br>(B) તા.૩૧/૦૩/૨૦૧૩ પહેલાં વય નિવૃત્તિથી કે સ્વૈચ્છિક રીતે નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારીને<br>(C) સીધી ભરતી અથવા બઢતી વખતે આવી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીને<br>(D) ઉપરોકત તમામ |
| ૨૧ | વર્ગ–૨ સેવામાંથી વર્ગ–૧ ની સેવામાં બઢતી આપવા કેટલા વર્ષનો અનુભવ જરૂરી છે ?<br>(A) ૧૦ વર્ષ (B) ૮ વર્ષ<br>(C) ૭ વર્ષ (D) ૫ વર્ષ |

| | |
|---|---|
| ૨૨ | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો કોને લાગુ પડશે નહીં ?<br>(A) પોલીસ દળના ઉચ્ચ અધિકારીઓને<br>(B) રાજય સેવાના અધિકારીઓને<br>(C) પોલીસ દળના તાબાની સેવાના હોદો ધરાવતા સભ્યોને<br>(D) ઉપરોકત પૈકી એક પણ નહીં. |
| ૨૩ | ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અંતર્ગત સરકારી કર્મચારીએ તેની સામે થયેલ ફોજદારી કાર્યવાહીની જાણ કરવાની ફરજ કયા નિયમ અનુસાર છે?<br>(A) નિયમ–૧૯ (૧) ખ (B) નિયમ–૨૦ (૧)<br>(C) નિયમ–૧૬ (૪) (D) નિયમ–૧૮ (ક) |
| ૨૪ | વિનોદભાઈ કલેક્ટર કચેરીમાં અધિકારી છે. તેઓ પોતાના ગામની શૈક્ષણિક પ્રવૃતિ કરતી મંડળીમાં સભ્ય બને છે. તેઓને ગુજરાત રાજય સેવા (વર્તણૂક) નિયમો–૧૯૭૧ ના કયા નિયમ મુજબ આવી પરવાનગી મળી શકે ?<br>(A) નિયમ–૨૬ (૨) (B) નિયમ–૨૪<br>(C) નિયમ–૧૫ (D) નિયમ–૨૧ (૧) |
| ૨૫ | રજા વિનાની ગેરહાજરીના સમયગાળાનું પશ્ચાદવર્તી અસરથી અસાધારણ રજામાં કોણ પરિવર્તન કરી શકે ?<br>(A) જે કર્મચારીની રજા મંજૂર થતી હોય તે પોતે (B) રજા મંજૂર કરનાર સક્ષમ અધિકારી<br>(C) ખાતાના વડા (D) તે ખાતાના મંત્રીશ્રી |
| ૨૬ | સરકારી કર્મચારીની નિવૃત્તિના પ્રસંગે તેઓની પ્રાપ્ત રજાઓનું રોકડ રૂપાંતર કરવામાં આવે તેમાં કઈ રકમનો સમાવેશ કરવામાં આવતો નથી?<br>(A) મોંઘવારી ભથ્થું (B) તબીબને મળતું એન.પી.એ.<br>(C) ઘરભાડા ભથ્થું. (D) ઉપરોકત ત્રણેનો સમાવેશ કરવામાં આવે છે. |
| ૨૭ | એક વર્ષની સળંગ નોકરી કરી હોય તેવા કર્મચારી બીજી નિમણુંકની જગાનો હવાલો સંભાળે તે દરમિયાન કેટલા દિવસનો સમયગાળો હોય તો જૂની જગાએ તેની બધા પ્રકારની રજા તેની નવી નિમણૂંકવાળી જગાના રજાના હિસાબમાં જમા કરવામાં આવશે.<br>(A) પંદર દિવસથી વધતો ન હોય તેટલો (B) આઠ દિવસથી વધારે ન હોય તેટલો<br>(C) છ દિવસથી વધારે ન હોય તેટલો (D) ઉપરોકત પૈકી એક પણ નહીં. |
| ૨૮ | '' ખરેખર મુસાફરી ખર્ચ માં અહીં દર્શાવ્યા મુજબ કયા ખર્ચનો સમાવેશ થાય છે ?<br>(A) વાહનોના ચાલકને ચૂકવેલ બક્ષીસ (B) ચૂકવેલ ટોલટેક્ષ કે વેરાનો ખર્ચ<br>(C) હોટલ કે મુસાફર બંગલામાં રહેવાનો ખર્ચ (D) ફર્નિચરના ઘસારા જેવા ખર્ચ |
| ૨૯ | ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ હેઠળ બદલી થયેલ કર્મચારી હાજર થવાનો સમય ભોગવતા હોય તે દરમિયાન રજા મંજૂર કરવાની અને રજાના પગારની ચૂકવણી કોણ કરશે ?<br>(A) જે ખાતા/ કચેરીમાંથી બદલી થઈ હોય તે ખાતા/ કચેરી<br>(B) જે ખાતા/ કચેરીમાં હાજર થવાના હોય તે ખાતા/ કચેરી<br>(C) જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ ચૂકવણી કરવાની હોય<br>(D) બંને કચેરીમાંથી કોઈ પણ કચેરી ચૂકવી શકે |

| | |
|---|---|
| ૩૦ | કોઈ કર્મચારીની રજા પૂરી થયા પહેલાં ફરજ ઉપર ફરજિયાત હાજર થવા જણાવવામાં આવે તો તે કઈ તારીખથી ફરજ ઉપર હાજર ગણાય ?<br>(A) જે તારીખે ફરજ ઉપર હાજર થાય તે તારીખથી<br>(B) જે તારીખે ફરજ ઉપર હાજર થવા આદેશ કરવામાં આવ્યો હોય તે તારીખથી<br>(C) જે તારીખથી રજા ઉપર ગયા હોય તે તારીખથી<br>(D) જે સ્થાને હાજર થવાનું હોય તે સ્થાને જવા માટે નીકળે તે તારીખથી |
| ૩૧ | એક સરકારી કર્મચારી રજા લઈ ખાનગી કંપનીના મેનેજર તરીકે નોકરી સ્વીકારે છે. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના કયા નિયમ અનુસાર આ અયોગ્ય છે ?<br>(A) નિયમ–૧૫ (B) નિયમ–૨૦<br>(C) નિયમ–૨૨ (D) નિયમ–૨૪ |
| ૩૨ | " ફરજ " માં કઈ બાબતનો સમાવેશ થતો નથી ?<br>(A) સરકારી હુકમ મુજબ અધિકૃત તાલીમ/શિક્ષણનો સમયગાળો<br>(B) તાલીમ/શિક્ષણની સમાપ્તિ અને ફરજ સંભાળ્યા તારીખ વચ્ચેનો સમયગાળો<br>(C) તાલીમની સમાપ્તિ બાદ આવતી જાહેર રજાઓ<br>(D) કર્મચારી રજા ઉપર હોય તે દરમિયાન ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં પરીક્ષાના દિવસ/દિવસોનો સમયગાળો |
| ૩૩ | ગુજરાત મુલ્કી સેવા (પગાર) ના કયા નિયમ હેઠળ વધુ મહત્વ કે જવાબદારીવાળી ન હોય તેવી બીજી જગા ઉપર કર્મચારીની નિમણૂંક વખતે પગાર બાંધણી કરવામાં આવે છે ?<br>(A) નિયમ–૧૩ (B) નિયમ–૧૧<br>(C) નિયમ–૧૦ (D) નિયમ–૧૫ |
| ૩૪ | ગુજરાત મુલ્કી સેવા (પગાર) માં પોતાની વિનંતીથી નવી જગા ઉપર નિમવામાં આવતા કર્મચારીના પગારની બાંધણીનો નિર્દેશ કયા નિયમમાં કરવામાં આવે છે ?<br>(A) નિયમ–૨૧ (૪) (B) નિયમ–૧૩ (ગ) અને (ઘ)<br>(C) નિયમ–૧૯ (ક) અને (ખ) (D) નિયમ–૨૩ |
| ૩૫ | ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ અન્વયે સરકારી કર્મચારીને હડતાલના સમય દરમિયાનના પગાર માટે કેવી જોગવાઈ છે ?<br>(A) હડતાલના કારણે ગેરહાજરીના પગાર અને ભથ્થાંની કપાત કરવામાં આવશે.<br>(B) હડતાલ એ કર્મચારીનો અધિકાર હોવાથી પગાર ઉપર અસર થશે નહીં.<br>(C) હડતાલના સમયનો પગાર કર્મચારી મંડળો ધ્વારા ચૂકવવામાં આવે છે.<br>(D) આ નિયમોમાં હડતાલના સમયગાળાના પગાર માટે કોઈ સ્પષ્ટતા નથી. |
| ૩૬ | કોઈ કર્મચારીની નિમણૂંક બે અથવા વધુ જગ્યાઓ ઉપર કરવામાં આવે તો તેને પગાર માટે કઈ જોગવાઈ જોવા મળતી નથી?<br>(A) અન્ય જગાની બાબતમાં ખાસ વધારાનો પગાર મળી શકે.<br>(B) એક જગ્યા બીજી જગ્યાના તાબા હેઠળની હોય તો વધારાનું મહેનતાણું મળવાપાત્ર નથી.<br>(C) આવા કર્મચારીને આવી જગાઓ પૈકી એક જ જગા હેઠળ મળવાપાત્ર પગાર મેળવી શકે છે.<br>(D) બંને જગાઓ ઉપર મળવાપાત્ર પગાર આ કર્મચારીને આપવામાં આવે છે. |

| | |
|---|---|
| ૩૭ | સરકારી કર્મચારી કયા પ્રકારના ઈનામ કે પુરસ્કાર મેળવવા પરવાનગી મેળવવી આવશ્યક છે ?<br>(A) નિબંધ લેખનની જાહેર સ્પર્ધામાં પ્રદાન કરવામાં આવેલ પુરસ્કાર<br>(B) ગુનેગારની ધરપકડ માટે ઉઠાવેલ જોખમના બદલારૂપે આપેલ પુરસ્કાર<br>(C) લોકોએ આયોજિત કરેલ જાહેર અભિવાદનમાં અપાતી ભેટની રકમ<br>(D) જકાત અને આબકારી કાયદાઓના વહીવટમાં સેવા આપવા બદલ મંજૂર કરવામાં આવેલ પુરસ્કાર |
| ૩૮ | સરકારી કર્મચારી પતિ–પત્ની બંને એક જ કચેરીમાં નોકરી કરતા હોય તો તેઓને આપવામાં આવતા ઘરભાડા ભથ્થા અંગે કયું વિધાન સાચું છે ?<br>(A) પતિ–પત્ની બંનેમાંથી એક ને જ ઘરભાડું મળી શકે.<br>(B) પતિ–પત્ની બંનેને એક જ ખાનગી મકાનમાં રહેતા હોય તો પણ ઘરભાડા ભથ્થુ બંનેને મળી શકે.<br>(C) જો બંનેમાંથી એક ને સરકારી રહેણાંક ફાળવવામાં આવે તો બીજાને ઘરભાડા ભથ્થું મળી શકે.<br>(D) પત્નીને ભાડામુકત આવાસ ફાળવેલ હોય અને પતિ તેમની સાથે રહેતા હોય તો પતિને ઘરભાડાભથ્થું મળી શકે. |
| ૩૯ | ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો ૨૦૦૨, હેઠળ કઈ બાબત નિયમ સાથે સુસંગત નથી ?<br>(A) સક્ષમ સત્તાધિકારી જરૂર હોય તો કોઈપણ પ્રકારની રજા નકારી શકે છે.<br>(B) રજા પરના કર્મચારીની જાહેર સેવાની અનિવાર્યતા વખતે રજા રદ કરી શકે છે.<br>(C) સરકારી કર્મચારી રજાની માંગણી હકક તરીકે કરી શકે છે.<br>(D) રજા મંજૂર કરનાર અધિકારી કર્મચારીની સંમતિથી માંગેલી રજાનો પ્રકાર ફેરવી શકે છે. |
| ૪૦ | સરકારી કર્મચારીને પ્રથમવારની ઘરભાડા ભથ્થાંની આકારણી વખતે રજૂ કરી શકે તેવા પ્રમાણપત્રો કયા નિયમોમાં આપવામાં આવેલાં છે?<br>(A) ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨<br>(B) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨<br>(C) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨<br>(D) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ |
| ૪૧ | ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ અન્વયે ખાસ પગાર અથવા વધારાના પગારની મંજૂરીની શરતોમાં આપેલ શરતો પૈકી કઈ શરતનો સમાવેશ થતો નથી ?<br>(A) ખાલી જગાનો સમયગાળો રજાના દિવસો સહિત દસ દિવસ કરતાં ઓછો હોય તો વધારાનો પગાર મંજૂર થશે નહીં.<br>(B) વધારાનો હવાલો ઓછામાં ઓછા ત્રીસ દિવસ કરતાં વધારે સમય સંભાળ્યો હોય તો જ વધારાનો પગાર મળવાપાત્ર છે.<br>(C) વધારાનો પગાર અથવા ખાસ પગાર મોંઘવારી ભથ્થા માટે પગાર તરીકે ગણાશે નહીં.<br>(D) કર્મચારી મૂળ જગ્યા ઉપર પૂરતો પગાર મેળવતા હોય તો વધારાની જવાબદારી માટે ખાસ પગાર માગી શકશે નહીં. |

| | |
|---|---|
| ૪૨ | દૈનિક ભથ્થું આકારવા માટે આપેલાં વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?<br>(A) કર્મચારી પોતાનું મુખ્ય મથક છોડે અને તે સ્થળે તે ખરેખર પાછો ફરે એ સમયનું દૈનિક ભથ્થું મળી શકે.<br>(B) પોતાના મુખ્ય મથક કે મ્યુનિસીપલની હદ બહાર આઠ કિ.મી.ની ત્રિજયાથી વધારે દૂર થવાનું થાય તો જ ભથ્થું આકારી શકાય.<br>(C) પ્રવાસ દરમિયાન કર્મચારી પ્રાસંગિક રજા ભોગવે તો તે દરમિયાનનું દૈનિક ભથ્થું મેળવી શકે.<br>(D) પ્રવાસ દરમિયાન વચ્ચે આવતા જાહેર રજાના દિવસે પરત આવ્યા હોય તો પણ તેનું ભથ્થું મેળવી શકે. |
| ૪૩ | મુસાફરી ભથ્થાનો દાવો ક્યારે લુપ્ત થયો ગણાય ?<br>(A) સરકારી કર્મચારીએ મુસાફરી કરી હોય તે તારીખથી એક વર્ષ પછી<br>(B) સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો પાકે તે તારીખથી એક વર્ષ પછી<br>(C) સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો પાકે તે તારીખથી છ માસ પછી<br>(D) સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો પાકે તે તારીખથી બે માસ પછી |
| ૪૪ | જયારે સરકારી કર્મચારીની સરકારી કામે મુખ્ય મથકેથી ગેરહાજરી છ કલાકથી વધુ પરંતુ બાર કલાકથી ઓછી હોય ત્યારે કયા દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.<br>(A) ૩૦ % (B) ૫૦ %<br>(C) ૭૫ % (D) ૧૦૦ % |
| ૪૫ | કર્મચારીની નિવૃત્તિવય ન હોય આમ છતાં કયા પ્રસંગોમાં તેઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવતા નથી ?<br>(A) બરતરફ કરવામાં આવે ત્યારે<br>(B) બીનકાર્યક્ષમતા બદલ રુખસદ આપવામાં આવે ત્યારે<br>(C) નોકરીમાં ગેરવર્તન માટે દોષિત ઠર્યા હોય ત્યારે<br>(D) થયેલા આક્ષેપોની તપાસ કરી ચાર્જશીટ આપવામાં આવે ત્યારે |
| ૪૬ | કોઈ પેન્શનરનું પેન્શન કે તેનો હિસ્સો સરકાર પાછો ખેંચી શકે ? કયા સંજોગોમાં ?<br>(A) જયારે પેન્શનરને ગંભીર ગુના બદલ કસૂરવાર હોવાની શંકા હોય ત્યારે થઈ શકે.<br>(B) જયારે કાયદાની અદાલતે ગુનામાં દોષિત ઠેરવી સજા કરી હોય.<br>(C) જયારે પેન્શનર ઉપર અદાલતી કાર્યવાહી ચાલતી હોય ત્યારે<br>(D) પેન્શનરનું પેન્શન કોઈ સંજોગોમાં મોકૂફ રાખવામાં આવતું નથી. |
| ૪૭ | રેલવેના પ્રથમ વર્ગમાં પ્રવાસ માટે હકદાર અધિકારીશ્રીએ ટીકીટ બુક કરાવ્યા બાદ જે મિટીંગમાં જવાના હતા તે મિટીંગ મોકૂફ રહી હતી. તો તેમની ટીકીટના અનુસંધાને શું કાર્યવાહી થશે ?<br>(A) ટીકીટ બુક થઈ હોય તો તેનો ખર્ચ આકારી શકાશે.<br>(B) ટીકીટ કેન્સલ કરાવી તેનો કેન્સલેશન ચાર્જ તેઓ આકારી શકશે.<br>(C) ટીકીટનો કેન્સલેશન ચાર્જ અધિકારીશ્રીએ જ ભોગવવાનો રહેશે.<br>(D) આ અંગેની કોઈ જોગવાઈ ન હોઈ સ્થાનિક કક્ષાએ નિર્ણય કરવો પડશે. |

| | |
|---|---|
| ૪૮ | ભવિષ્યના ઈજાફાને અસરકર્તા ન બને તેવી રીતે અટકાવાયેલ ઈજાફાની મુદત પુરી થતાં પહેલાં કર્મચારીને ઉપલી જગા ઉપર કાર્યકારી નિમવામાં આવે ત્યારે પગાર નિયમિત કરવા અંગે ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો–૨૦૦૨ માં કયા નિયમમાં જોગવાઈ થયેલ છે.<br>(A) નિયમ–૩૮–(૧) (B) નિયમ–૩૮ (૨)<br>(C) નિયમ–૩૮ (૩) (D) નિયમ–૩૯ |
| ૪૯ | પરિવહન ભથ્થાંની મંજૂરી માટેની શરતોમાં કઈ શરતનો સમાવેશ થતો નથી ?<br>(A) સરકારી વાહનની સુવિધા આપવામાં આવી હોય તેવા કર્મચારીને આ ભથ્થું મળવાપાત્ર નથી.<br>(B) ફરજના સ્થળથી એક કિ.મી.ના અંતરમાં રહેતા કર્મચારીઓને આ ભથ્થું મળવાપાત્ર નથી.<br>(C) અમદાવાદ, ગાંધીનગર કે અન્ય જિલ્લા મથકો સિવાયનાં સ્થળો ઉપર આ ભથ્થું મળવાપાત્ર નથી.<br>(D) અંધ કે અંગવિકૃતિ ધરાવતા કર્મચારી એક કિ.મી.ના અંતરમાં રહેતા હોય તો પણ આ ભથ્થું મળવાપાત્ર છે. |
| ૫૦ | ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ અંતર્ગત એકી સાથે વધુમાં વધુ કેટલા સમયગાળા માટે વાહનભથ્થું મંજૂર કરી શકાય?<br>(A) વધુમાં વધુ બે વર્ષ (B) વધુમાં વધુ અઢાર માસ<br>(C) વધુમાં વધુ બાર માસ (D) વધુમાં વધુ છ માસ |
| ૫૧ | ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો–૧૯૭૧ હેઠળ શિસ્ત અંગેની તમામ જોગવાઈઓ કયા નિયમોમાં જોવા મળે છે ?<br>(A) નિયમ–૧, ૨, ૩ (B) નિયમ– ૪, ૫, ૬<br>(C) નિયમ– ૫, ૬, ૭ (D) નિયમ– ૬, ૭, ૮ |
| ૫૨ | સરકારી કર્મચારીને ફરજ મોકૂફ કર્યાના કેટલા દિવસમાં ફરજ મોકૂફીના હુકમની સમીક્ષા કરવાની રહે છે ?<br>(A) ૬૦ દિવસ (B) ૯૦ દિવસ<br>(C) ૧૨૦ દિવસ (D) ૧૮૦ દિવસ |
| ૫૩ | સરકારી કામકાજનો સબંધ રહેતો હોય તેવી કંપની અથવા પેઢીમાં સરકારી કર્મચારીનો કોઈ કુટુંબીજન નોકરી સ્વીકારે તો શું કરવું જોઈએ ?<br>(A) સરકારની પૂર્વ મંજૂરી લેવી જોઈએ.<br>(B) સરકારની મંજૂરી લેવાની જરૂર નથી.<br>(C) નોકરી સ્વીકારી શકાય નહીં.<br>(D) નોકરી સ્વીકાર્યા અંગેની ફકત જાણ સરકારને કરવાની રહેશે. |
| ૫૪ | સરકારી કર્મચારીએ ચૂંટણીમાં પોતાની વર્ગનો ઉપયોગ કર્યો છે અથવા મદદ કરી છે તેવું કૃત્ય નીચેનામાં થી કયું નથી ?<br>(A) કર્મચારી પોતાના વાહન ઉપર ચૂંટણી પ્રતીક પ્રદર્શિત કરે છે.<br>(B) રાજકીય ચળવળ અથવા પ્રવૃતિમાં ફાળો આપે છે.<br>(C) મતદાન કરે છે.<br>(D) ચૂંટણીમાં કોઈ પક્ષનો પ્રચાર કરે છે. |

| | |
|---|---|
| ૫૫ | સરકારમાં જોડાતા અંશકાલીન સરકારી કર્મચારીએ શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી ખરું ?<br>(A) પૂર્ણકાલીન કર્મચારીએ જ પ્રમાણપત્ર રજૂ કરવું પડે.<br>(B) અંશકાલીન કર્મચારીએ પણ પૂર્ણકાલીન કર્મચારીની જેમ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું પડે.<br>(C) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ અંતર્ગત તબીબી પ્રમાણપત્ર અંશકાલીન માટે જરૂરી નથી.<br>(D) અંશકાલીન કર્મચારીને જયારે પૂર્ણકાલીન સમયમાં ફેરવવામાં આવે ત્યારે તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું પડે. |
| ૫૬ | નિવૃતિ બાદ છ માસમાં પુનર્નિયુકિત પામતા કર્મચારીની બાબતમાં તબીબી પ્રમાણપત્ર અંગે શું જોગવાઈ છે?<br>(A) તબીબી પ્રમાણપત્રના આધારે જ પુનર્નિયુકિત કરવાની હોય છે.<br>(B) પુનર્નિયુકિત બાદ તરત જ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવા જણાવવું જોઈએ.<br>(C) નિમણુંક કરનાર અધિકારી જ આ અંગે નિર્ણય કરી શકે છે.<br>(D) છ માસમાં પુનર્નિયુકિત પામેલ કર્મચારીએ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું નથી. |
| ૫૭ | રજા પ્રવાસ રાહત સમયે રજાનું રોકડ રૂપાંતર કરવા માટે સરકારી કર્મચારીની આવી ભોગવેલ રજા ઉધાર્યા બાદ તેમની રજાની સિલકમાં ઓછામાં ઓછી કેટલી પ્રાપ્ત રજા જમા રહેવી જોઈએ.<br>(A) ૩૦ (B) ૪૫<br>(C) ૧૦ (D) ૧૫ |
| ૫૮ | કરારના ધોરણે નીમેલા સરકારી કર્મચારીઓને કયા કયા પ્રકારની રજાઓ મળવાપાત્ર છે?<br>(A) પરચૂરણ રજા તથા માંદગીની રજા મળવાપાત્ર છે.<br>(B) અર્ધપગારી રજા, રૂપાંતરિત રજા તેમજ પરચુરણ રજા મળી શકે છે.<br>(C) સરકારી કર્મચારીને મળતી તમામ રજાઓ મળવાપાત્ર છે.<br>(D) પરચૂરણ રજા જ મળવાપાત્ર છે. |
| ૫૯ | સામાન્ય રીતે એક અંગ્રેજી વર્ષમાં સરકારી કર્મચારીની પ્રાપ્ત રજાઓ કેટલા પ્રસંગોમાં મંજૂર કરવામાં આવે છે ?<br>(A) એક અંગ્રેજી વર્ષમાં ત્રણ વખત<br>(B) એક અંગ્રેજી વર્ષમાં બે વખત<br>(C) એક અંગ્રેજી વર્ષમાં કર્મચારી ધ્વારા માગવામાં આવે એટલી વખત<br>(D) આ પ્રકારની કોઈ જોગવાઈ નિયમોમાં કરવામાં આવી નથી. |
| ૬૦ | બે કરતાં ઓછાં બાળકો હયાત હોય તેવા પુરુષ કર્મચારીને પત્નીની પ્રસૂતિ દરમિયાન કેટલા દિવસની પિતૃત્વની રજા મંજૂર કરવામાં આવે છે ?<br>(A) ત્રણ દિવસ (B) સાત દિવસ<br>(C) દસ દિવસ (D) પંદર દિવસ |

| | |
|---|---|
| ૬૧ | સરકારી કર્મચારીએ બદલીવાળી જગ્યાએ હાજર થવા અંગે ચાર્જ સંભાળવા માટે કઈ જોગવાઈ કરવામાં આવી નથી?<br>(A) હવાલો સંભાળનારે હવાલો સુપરત કરનારને સંભવિત તારીખ જણાવવી જોઈએ.<br>(B) હવાલો સુપરત કરનારે શકય તેટલા વહેલા સમયે હવાલો સુપરત કરવો જોઈએ.<br>(C) હવાલો સુપરત કરનાર કર્મચારીએ હવાલો મેળવનારને કઈ તારીખે આવવું એ જણાવવું જોઈએ.<br>(D) પોતાના ઉપરી અધિકારીની સલાહ મેળવી તેમની સૂચના અનુસાર કાર્યવાહી કરવી જોઈએ. |
| ૬૨ | સરકારી કર્મચારીનું રાજીનામું કેવા સંજોગોમાં સ્વીકારવામાં આવતું નથી.<br>(A) એ કર્મચારીની જગ્યા સંભાળવા અન્ય કોઈ પ્રાપ્ત ન હોય.<br>(B) કર્મચારીએ રાજીનામાના પત્રમાં રાજીનામાનું સંતોષકારક કારણ ન જણાવ્યું હોય.<br>(C) કર્મચારીની સાથે ખાતાકીય તપાસ અપેક્ષિત હોય કે બાકી હોય.<br>(D) સરકારી કર્મચારી ખાનગીક્ષેત્રની નોકરી સ્વીકારવા રાજીનામું આપતો હોય. |
| ૬૩ | ફરજ મોકૂફીનો હુકમ કેટલા સમય સુધી અમલમાં રહેશે ?<br>(A) હુકમ થયાના એક વર્ષ સુધી<br>(B) આવો હુકમ સત્તાધિકારી સુધારે અથવા પાછો ખેંચી લે ત્યાં સુધી<br>(C) હુકમ થયાના ૧૨૦ દિવસ સુધી<br>(D) હુકમ થયાના ત્રણ માસ સુધી |
| ૬૪ | નિવૃત્તિને લગતા તે સમય પૂરતા અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કર્મચારીને ફરજિયાત નિવૃત્ત કરવો તે...<br>(A) નાની શિક્ષા છે.<br>(B) મોટી શિક્ષા છે.<br>(C) શિક્ષા નથી.<br>(D) તપાસ પૂર્ણ થયા બાદ તે શિક્ષા છે કે નહીં તે નકકી કરાય. |
| ૬૫ | સરકારી કર્મચારીને મળતી રહેઠાણની સગવડમાં જો કવાર્ટરની કક્ષા 'બી' કેટેગરીમાં આવતું હોય તો વપરાશ વિસ્તાર ક્ષેત્રફળ કેટલા ચોરસ મીટર હોય છે ?<br>(A) ૨૯ ચો.મી. સુધી (B) ૩૦ થી ૩૪ ચો.મી. સુધી<br>(C) ૩૦ થી ૩૫ ચો.મી. સુધી (D) ૪૩ થી ૫૫ ચો.મી. સુધી |
| ૬૬ | સરકારી રહેણાંકના વસવાટના વર્ગીકરણની જોગવાઈ 'ગુજરાત મુલકી સેવા' (રહેણાંક માં વસવાટ) નિયમો, ૨૦૦૨ના કયા નિયમ હેઠળ થયેલ છે?<br>(A) નિયમ–૧૬ (B) નિયમ–૧૭<br>(C) નિયમ–૧૮ (D) નિયમ–૧૯ |
| ૬૭ | નિવૃત્ત સરકારી કર્મચારી પોતાની વિરુધ્ધ ખાતાકીય કાર્યવાહીમાં હાજર રહેવા મુસાફરી ભથ્થું ક્યાંથી મેળવી શકશે નહીં ?<br>(A) જે અદાલતમાં કેસ ચાલતો હોય તે સંબંધિત અદાલતમાંથી<br>(B) જે કર્મચારી વિરુધ્ધ કાર્યવાહી ચાલતી હોય તેની સંબંધિત કચેરીથી<br>(C) જયાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીએથી<br>(D) કર્મચારી જયાં રહેઠાણ ધરાવતા હોય તેની નજીકની તિજોરી કચેરીમાંથી |

| | |
|---|---|
| ૬૮ | ફરજ મોકૂફી હેઠળના કર્મચારીને મોંઘવારી ભથ્થું ચૂકવવા કઈ જોગવાઈ સુસંગત નથી?<br>(A) કર્મચારીને મળતા નિર્વાહ ભથ્થાની રકમને આધારે મોંઘવારી ભથ્થું મળે.<br>(B) કર્મચારીને ફરજ મોકૂફી પહેલાં જે પગાર મેળવતા હોય તેના આધારે મોંઘવારી ભથ્થું મળે.<br>(C) મોંઘવારી ભથ્થાની રકમની ચૂકવણી સરકારી લેણાની બાકી પડતી રકમ સાથે વિનિયોગ કરી શકે.<br>(D) ફરજ મોકૂફી માટે કરવામાં આવેલા હુકમ મુજબ કાર્યવાહી થાય. |
| ૬૯ | ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ કયો સમયગાળો પેન્શનપાત્ર સેવામાં ગણવાનો નથી ?<br>(A) સરકારી નોકરી દરમિયાન ભોગવેલ પ્રાપ્ત રજાઓનો સમયગાળો<br>(B) વેકેશન ખાતામાં કામ કરતા કર્મચારીએ લીધેલ વેકેશનોનો સમયગાળો<br>(C) જેનો ખર્ચ આકસ્મિક ખર્ચમાંથી ચૂકવવામાં આવતો હોય તેવી નોકરીનો<br>(D) રાજયેત્તર સેવાનો |
| ૭૦ | અમદાવાદ શહેરના સીટી સીવીલ અને સેશન્સ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને ક્યારે નિવૃત્ત કરવાના રહે?<br>(A) ૫૮ વર્ષની વય પૂરી થયે (B) ૬૦ વર્ષની વય પૂરી થયે<br>(C) ૬૨ વર્ષની વય પૂરી થયે (D) ૬૫ વર્ષની વય પૂરી થયે |
| ૭૧ | ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો કઈ તારીખથી અમલમાં આવેલ છે ?<br>(A) ૧૦ ડિસેમ્બર, ૧૯૭૧ (B) ૧૫ જાન્યુઆરી, ૧૯૭૧<br>(C) ૧૫ ઓગષ્ટ, ૧૯૭૧ (D) ૨૬ જાન્યુઆરી, ૧૯૭૧ |
| ૭૨ | કોઈ સરકારી કર્મચારી કેટલા કલાકથી વધુ સમય માટે કસ્ટડીમાં અટકાયત હેઠળ હોય તો તે ફરજ મોકૂફી હેઠળ મૂકવામાં આવ્યો હોવાનું ગણાશે?<br>(A) ૭૨ કલાક (B) ૪૮ કલાક<br>(C) ૩૬ કલાક (D) ૨૪ કલાક |
| ૭૩ | ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ માં રજા પૂરી થયા પછી ગેરહાજર રહેનાર કર્મચારી માટેની જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવી છે?<br>(A) નિયમ–૪૪ (B) નિયમ–૪૨<br>(C) નિયમ–૪૦ (D) નિયમ–૩૮ |
| ૭૪ | એક સરકારી કર્મચારી એપ્રીલ માસમાં નિવૃત્ત થાય છે, તો નિવૃત્તિના વર્ષમાં તેને કેટલી પ્રાપ્ત રજા મળવાપાત્ર થશે ?<br>(A) ૩૦ (B) ૧૫<br>(C) ૧૦ (D) ૪ |
| ૭૫ | અજમાયશીનો અજમાયશી સમય પૂરો થયા બાદ પગાર નકકી કરવા માટે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો ૨૦૦૨ના કયા નિયમમાં જોગવાઈ કરવામાં આવી છે.<br>(A) નિયમ–૧૭ (B) નિયમ–૧૮<br>(C) નિયમ–૧૯ (D) નિયમ–૨૦ |
| ૭૬ | ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો ૨૦૦૨ અંતર્ગત પ્રતિહસ્તાક્ષર કરનાર નિયંત્રણ અધિકારીએ નિભાવવાના થતા મુસાફરી ભથ્થાં બીલ રજીસ્ટરમાં કઈ વિગતો હોવી જોઈએ?<br>(A) સરકારી કર્મચારીનું નામ અને હોદો (B) માંગણીનો મહિનો<br>(C) પ્રવાસની તારીખો (D) ઉપરોકત તમામ |

| | |
|---|---|
| ૭૭ | બીન રાજયપત્રિત અધિકારીએ જંગમ અને સ્થાવર મિલકતનું પત્રક ક્યારે રજૂ કરવું જોઈએ ?<br>(A) દર વર્ષે<br>(B) દર પાંચ વર્ષે<br>(C) કર્મચારીની ઉંમર પાંચ વર્ષના ગુણાંકમાં હોય તેવી ઉંમરે<br>(D) દર ત્રણ વર્ષે |
| ૭૮ | સરકારી કર્મચારી શાળાઓ જેવી જાહેર સંસ્થાઓ સાથે પોતાનું નામ જોડી શકશે કે નહીં ?<br>(A) નામ જોડી શકાય નહીં. (B) નામ જોડી શકાય.<br>(C) સરકારની પૂર્વ મંજૂરીથી નામ જોડી શકાય. (D) નામ જોડયા બાદ સરકારને જાણ કરવી. |
| ૭૯ | કોઈપણ સેવા અથવા જગા માટે ઠરાવેલી લાયકાતોમાં અમુક મુદત સુધીના પ્રત્યક્ષ અનુભવ અંગેની લાયકાતનો સમાવેશ થતો હોય ત્યારે પ્રત્યક્ષ અનુભવની મુદત કઈ ગણવી?<br>(A) ભરતી નિયમોમાં જો જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી<br>(B) આવી અરજી સ્વીકારવા માટે નકકી કરેલ છેલ્લી તારીખના સંદર્ભમાં<br>(C) A અને B બંને સાચાં<br>(D) A અને B બંને ખોટા |
| ૮૦ | જગા ઉપર નિમણુંક કરવા માટેની અરજીઓ વર્તમાન પત્રમાં જાહેરાત કે જાહેરનામા પ્રસિધ્ધ કરીને મંગાવવામાં આવી હોય તો એવા કિસ્સામાં વયમર્યાદાની મુદત ક્યાં સુધી ગણવી ?<br>(A) જાહેરનામા કે જાહેરાત પ્રથમ પ્રસિધ્ધ થયાની તારીખ સુધીમાં<br>(B) જાહેરનામા કે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી નેવું દિવસની મુદત પુરી થાય ત્યાં સુધીમાં<br>(C) જાહેરનામા કે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી નેવું દિવસની મુદત પુરી થાય તે મહિના પછીના મહિનાની પહેલી તારીખે<br>(D) નિમણૂંક થાય તે તારીખ સુધીમાં |
| ૮૧ | ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ અંતર્ગત દૈનિક ભથ્થા માટે વડોદરાને કયા વર્ગના શહેર તરીકે ગણવામાં આવ્યું છે?<br>(A) " A-1 " વર્ગ (B) " B-1 " વર્ગ<br>(C) " A " વર્ગ (D) અન્ય વર્ગ |
| ૮૨ | એક જ કેલેન્ડર દિવસે એક કરતાં વધુ પ્રવાસ કરવામાં આવે તો દૈનિક ભથ્થું કઈ રીતે ગણવું જોઈએ ?<br>(A) બંને પ્રવાસ અલગ અલગ ગણીને ભથ્થાંની ગણતરી કરવી પરંતુ આ ભથ્થું એક દૈનિક ભથ્થાથી વધવું ન જોઈએ.<br>(B) બંને પ્રવાસની અલગ અલગ ગણતરી કરી મળવાપાત્ર ભથ્થું દૈનિક ભથ્થાથી વધારે હોય તો પણ ચૂકવવું જોઈએ.<br>(C) બંને પ્રવાસ અલગ અલગ હોવાથી બે દૈનિક ભથ્થાં આકારી શકાય છે.<br>(D) બંનેમાંથી એક પણ પ્રવાસનું દૈનિક ભથ્થું ચૂકવી શકાય નહીં. |

| | |
|---|---|
| ૮૩ | લગ્ન વિધિ, સંવત્સરી કે ધાર્મિક સમારંભમાં વર્ગ–૩ના કર્મચારી કેટલી કિંમત સુધીની ભેંટ સ્વીકારી શકશે?<br>(A) ૫૦૦૦ રૂા. (B) ૨૦૦૦ રૂા.<br>(C) ૭૦૦૦ રૂા. (D) ૧૦૦૦ રૂા. |
| ૮૪ | કોઈપણ ખાતાના વર્ગ–૨ ના અધિકારી કેટલા વર્ષથી નીચેના વ્યકિતને કામ પર રાખી શકશે નહીં ?<br>(A) ૧૪ વર્ષ (B) ૧૨ વર્ષ<br>(C) ૧૫ વર્ષ (D) ૧૮ વર્ષ |
| ૮૫ | વર્ગ–૩ ની નીચલી સેવામાંથી વર્ગ–૩ ની ઉપલી જગા ઉપર બઢતી આપવા કેટલા વર્ષનો અનુભવ જરૂરી છે ?<br>(A) ૨ વર્ષ (B) ૩ વર્ષ<br>(C) ૬ વર્ષ (D) ૫ વર્ષ |
| ૮૬ | વર્ગ–૧ ના અધિક્રમમાં સૌથી નીચેની પ્રથમ બે જગાઓને બાદ કરતાં આવી જગાઓ ઉપર બઢતી આપવા શું ધ્યાને લેવું જોઈએ ?<br>(A) પ્રવરતા (B) પસંદગીનો સિધ્ધાંત<br>(C) અગાઉ આપેલ બઢતી (D) અધિકારીની ભરતીનું સ્થળ |
| ૮૭ | સરકારી કર્મચારીઓના ટ્રેડ યુનિયનના હોદેદાર તરીકે સરકારની નીતિની ટીકા કરે છે તો...<br>(A) આવી ટીકા કરી શકાય નહીં.<br>(B) શુધ્ધ આશયથી આવી ટીકા કરી શકાય.<br>(C) સરકારી કર્મચારીને છાજે નહીં તેવું વર્તન કહેવાય.<br>(D) ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવેલ નથી તેમ માનવામાં આવે. |
| ૮૮ | કોઈ પણ સરકારી કર્મચારી દાયજો આપે કે સ્વીકારે તો ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ના કયા નિયમનો ભંગ થયેલ ગણાશે?<br>(A) નિયમ–૧૩ (B) નિયમ–૧૫<br>(C) નિયમ–૧૩ (ક) (D) નિયમ–૧૬ |
| ૮૯ | આપવામાં આવેલી ક્ષતિપૂર્ણ બઢતી કે નિમણૂંક સમયનો ભૂલ ભરેલ પગારના સંદર્ભમાં આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી?<br>(A) કર્મચારી દ્વારા ખોટી માહિતી પૂરી પાડવાના કારણે ભૂલ થઈ હોય તો ખાતાકીય કાર્યવાહી કરી વસૂલાત થાય.<br>(B) કોઈ નિયમો કે હુકમો ખરી રીતે લાગુ ન કરવાના કારણે ભૂલ થઈ હોય તો ચૂકવાયેલ પગાર વસૂલવા જણાવાય નહીં.<br>(C) કોઈ ક્ષતિ થઈ હોય તેવા સંજોગોમાં સામાન્ય કે ખાસ હુકમોથી તે નિયમિત કરવામાં આવે છે.<br>(D) સરકારી કર્મચારી જે પગાર મેળવવા હોય તે જ ચાલુ રાખવામાં આવે. |
| ૯૦ | પગાર ધોરણના અધિકતમ તબકકે સ્થગિત થયેલા કર્મચારીઓને વધુમાં વધુ કેટલા સ્થગિત ઈજાફાનો લાભ મળવાપાત્ર છે ?<br>(A) એક (B) ત્રણ<br>(C) ચાર (D) પાંચ |

| | |
|---|---|
| ૯૧ | રાજય સેવામાંની કોઈ સેવા અથવા જગા સબંધી ઠરાવેલી વય મર્યાદા અનામત કર્મચારીના કિસ્સામાં કેટલા વર્ષ સુધી હળવી કરી શકાય ?<br>(A) ૨ વર્ષ (B) ૫ વર્ષ<br>(C) ૭ વર્ષ (D) ૧૦ વર્ષ |
| ૯૨ | સરકારી કર્મચારી દ્વારા બઢતી સ્વીકારવાનો ઈન્કાર કરેલ હોય તો કેટલા સમય સુધી બઢતી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં?<br>(A) પાંચ વર્ષની મુદત સુધી અથવા પછીથી ખાલી જગ્યા ઉભી થાય ત્યાં સુધી, એ બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી.<br>(B) બે વર્ષ સુધી અથવા પછીથી જગ્યા ઉભી થાય ત્યાં સુધી, બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી.<br>(C) એક વર્ષની મુદત માટે અથવા જગ્યા ઉભી થાય ત્યાં સુધી, બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી.<br>(D) છ મહિનાની મુદત અથવા કે પછીથી જગ્યા ઉભી થાય તેમાંથી જે મોડું હોય ત્યાં સુધી. |
| ૯૩ | ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ અનુસાર કર્મચારીને બદલી મુસાફરી ભથ્થું કેવા સંજોગોમાં મળે છે ?<br>(A) જયારે બદલી પામેલ કર્મચારી પ્રવાસમાં ગાળેલ મુદત દરમિયાન પગાર મેળવવા હકકદાર ન હોય.<br>(B) જયારે બદલી જાહેર હિતમાં કરવામાં આવી હોય.<br>(C) જયારે કર્મચારીની બદલી જાહેર હિતમાં કરવામાં આવી ન હોય.<br>(D) જયારે કર્મચારીની બદલી સ્વ વિનંતીથી કરવામાં આવી હોય. |
| ૯૪ | પતિ પત્ની બંને સરકારી કર્મચારી છે અને તેઓ એક જ મથકે નોકરી કરે છે તેમજ બંનેની બદલી બીજા મથકે કરવામાં આવી છે. તેઓને મળતા બદલી ભથ્થામાં કયું વિધાન સાચું નથી?<br>(A) વ્યકિતગત કર્મચારી તરીકે બંનેને જૂની જગ્યોએથી નવી જગ્યાએ બદલી અંગે મુસાફરી ભથ્થું મેળવવા હકદાર છે.<br>(B) બંનેમાંથી એક જ કર્મચારી બદલી મુસાફરી ભથ્થું આકારી શકશે અને બીજા કુટુંબના સભ્ય ગણવામાં આવશે.<br>(C) પતિ પત્ની બંનેના મથક એક હોય પણ કચેરીઓ જુદી હોય તો પણ એકનેજ મુસાફરી ભથ્થું આકારવા મળશે.<br>(D) બંનેમાંથી એક જ કર્મચારી પોતાની ઘરવખરી લઈ જવાનું ખર્ચ આકારી શકશે. |
| ૯૫ | નાની શિક્ષાના કુલ કેટલા પ્રકાર છે ?<br>(A) ૩ (B) ૫<br>(C) ૭ (D) ૮ |
| ૯૬ | સરકારી કર્મચારીને થયેલ શિક્ષાના હુકમ મળ્યા તારીખથી તે કર્મચારી કેટલા દિવસમાં તે હુકમ સામે અપીલ કરી શકશે ?<br>(A) ૧૫ દિવસ (B) ૩૦ દિવસ<br>(C) ૪૫ દિવસ (D) ૬૦ દિવસ |

| | |
|---|---|
| ૯૭ | સરકારી કર્મચારીની સેવાપોથી બદલીવાળી જગ્યાએ કઈ રીતે મોકલવામાં આવે છે ?<br>(A) બદલી પામનાર કર્મચારીને સોંપવામાં આવે છે.<br>(B) બંને કચેરીના વડાઓ રૂબરૂમાં જ સેવાપોથીની આપલે કરે છે.<br>(C) સેવાપોથી સંભાળનાર કર્મચારી રૂબરૂમાં જઈને આપે છે.<br>(D) સેવાપોથી રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં આવે છે. |
| ૯૮ | સરકારી કર્મચારી તરીકે કોઈ કચેરીમાં નિયુકત થયેલ વ્યકિતની જન્મ તારીખમાં સુધારો કરવાની અરજી કેટલા સમય પછી સ્વીકારવામાં આવતી નથી ?<br>(A) બે વર્ષની નોકરી પૂરી થયા બાદ<br>(B) ચાર વર્ષની નોકરી પૂરી થયા બાદ<br>(C) પાંચ વર્ષની નોકરી પૂરી થયા બાદ<br>(D) દસ વર્ષની નોકરી પૂરી થયા બાદ |
| ૯૯ | એક વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય તેવા હંગામી કર્મચારીના કિસ્સામાં રાજીનામા માટે નોટીસનો સમય કેટલો હોય છે?<br>(A) ત્રણ માસ (B) એક માસ<br>(C) એક સપ્તાહ (D) ત્રણ દિવસ |
| ૧૦૦ | કોઈ કર્મચારીને બરતરફ કરવામાં આવે તો તેની ખાલી પડેલી જગ્યા ઓછામાં ઓછું કેટલા સમય માટે કાયમી ધોરણે ભરી શકાય નહીં?<br>(A) એક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી (B) છ માસ પૂર્ણ થાય ત્યાં સુધી<br>(C) બે માસ પૂર્ણ થાય ત્યાં સુધી (D) ૪૫ દિવસ પૂર્ણ થાય ત્યાં સુધી |

## ROUGH WORK